**ક્રિમીનલ કેસ નં. ૩૬૩/૨૦૨૬**

આંક: ૧ હેઠળ હુકમ

(૧) સદરહુ કામે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આ કામના આરોપી ઉપર બી.એન.એસ કલમ–૨૨૩ મુજબના ગુના સબબનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. ભારતીય ન્યાય સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ તળે બી.એન.એસ કલમ–૨૨૩નું સંજ્ઞાન (Cognizence) અદાલત કઈ રીતે અને ક્યારે લઈ શકે? તેની જોગવાઈમાં કરવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે:–

Section: 195 Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to dovuments given in evindence:

(1) No Court shall take cognizance

(a) (i) of any offence punishable under sections 172 to 223 (both inclusive) of the indian Penal Code, (45 of 1860), or (ii) of any abetmentod, or attempt to commit, such offence, or (iii) of any criminal conspiracy to commit such offence, except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate:

xxxxx....xxxxx....xxxxx....xxxxx....xxxxx...xxxxx...xxxxx....xxx...xxx

(૨) સબબ ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા, જે રાજકીય સેવકના લેખીત હુકમ પરીપત્ર, જાહેરનામાનો ઈરાદાપુર્વક ભંગ થયેલ હોય તે રાજય સેવક દ્વારા જાતે અગર તેના વહીવટી તાબાના કોઈ અધિકારી દ્વારા જયાં સુધી કોર્ટની અંદર બી.એન.એસ. કલમ–૨૨૩ તળે ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી અદાલત, બી.એન.એસ. કલમ–૨૨૩ના ગુન્હાનુ સંજ્ઞાન સદરહુ (Cognizence) લઈ શકશે નહીં.

(૩) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ગોવર્ધનકુમાર ડાકોરદાસ અસરાણી વિરુધ્ધ ગુજરાત રાજ્યનો ચૂકાદો જે ૨૦૧૭ (૦) એ.આઈ.જે.ઈ.એલ– એચ.સી ૨૩૭૪૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તેમાં પ્રસ્થાપીત કરેલ છે કે, " જો આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ – ૨૧૫ નો બાધ નડતો હોય તેવા ગુનાઓની કલમોના ચાર્જશીટ રજુ થાય ત્યારે તેમાં કોગ્નીઝન્સ લેવાની નીચલી અદાલતને સત્તા નથી. "તદુપરાંત નામ. ગુજરાત હાઈકોર્ટ

પરષોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી વિરુધ્ધ ગુજરાત રાજ્ય (ક્રિમીનલ મીસી.અપ્લી.નં.૩૧૨૬૪/૨૦૧૬ ,તા.૦૪/૧૧/૨૦૨૦) ના ચૂકાદામાં કરાવેલ છે કે "Even if the offence under section 223 of BNS is cognizable, it does not enable the Police Officer to register an FIR for an offence under section 223 of BNS along with other secions. The reason being, such registration of an FIR has to necessarily end with a Police Report under section 193 of B.N.S.S is sepcifically barred under section 215 of B.N.S.S The offence under sections 61(2),171D and 223 of BNS are alleged to have been committed as a part of the same transaction but the said sections cannot be segregated on the basis of offences occurring in Chapters X & XVI of the B.N.S.S. Hence for the alleged offence in this case. the Magisterial Court could not have taken cognizance without a written complaint from the competent authority"

(૪) હાલના કેસમાં ચાર્જશીટ રજુ થતા સદરહુ ચાર્જશીટ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો અને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.આરોપી હાજર થાયે થી સદર કેસની બી.એન.એસ.એસની કલમ ૨૮૧ મુજબ પ્રોસીડીગ સ્ટોપ કરવાની અરજી આવતા જે અરજી સંજ્ઞાન લેવા માટે સાંભળવા ઉપર મુલતવી રાખવાનો આદેશ કરવામાં આવેલ છે. સદરહુ કેસની હકીકત વંચાણે લેતા પોલીસ દ્વારા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી નર્મદાના જાહેરનામા ભંગ બદલ કાલનું ચાર્જશીટ રજુ કરેલ છે અને આ કામના ફરીયાદી પોલીસ અધિકારી છે તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કે તેમના કોઈ વહીવટી તાબાના અધિકારી દ્વારા નામદાર કોર્ટ રુબરુ કોઈ ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી તે હકીકત નિર્વિવાદ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષના કેસને બિ.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ નો સ્પષ્ટપણે બાધ નડે છે. તદુપરાંત ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાણી વિરુધ્ધ ગુજરાત રાજય (૨૦૧૭(૦) એ.આઈ.જે.ઈ.એલ એચ.સી ૨૩૭૪૧૩) ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે તેમ પણ પ્રસ્થાપિત કરેલ છે કે જયારે બી.એન.એસ.એસ.ની કલમ – ૨૧૫ નો બાધ નડતો હોય, તેવા ગુના સાથે, અન્ય બાધ નડતો ન હોય, તેવા ગુનાનો પણ આક્ષેપ મુકવામાં આવેલ હોય અને ત્યારે જો બન્ને ગુનાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય અને બન્ને ગુનાઓને જ્યારે જુદા પાડી શકાય તેમ ન હોય ત્યારે આવા પ્રકારના તમામ ગુન્હોઓનું કોગ્લીજન્સ નીચલી અદાલત લઈ શકે નહી.

(૫) ઉપર કહ્યું તેમ આ કેસના આરોપી ઉપર મહે. જીલ્લા કલેકટરથી નર્મદાના જાહેરનામાનો ભંગ કરી તે મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આમ હાલના કેસની હકીકત ધ્યાને લેતા તેમજ આક્ષેપીત ગુના તે બી.એન.એસ. કલમ– ૨૨૩ ના ગુનાથી જુદા/અલગ પાડી શકાય તેમ ન હોય ત્યારે નામ. ગુજરાત હાઈકોર્ટના ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાણી વિરુધ્ધ ગુજરાત રાજય તેમજ પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકી વિરુધ્ધ ગુજરાત રાજ્યના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતા આ અદાલતને આ કેસમાં કોઈપણ ગુનાનું સંજ્ઞાન લેવાની સત્તા પ્રાપ્ત થતી નથી. આમ હાલના કેસમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૧૫ નો સ્પષ્ટપણે બાધ નડતો હોવાથી, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–હુકમ–**

આ કામે બિ.એન.એસ.એસ.ની કલમ–૨૩૧નો બાધ નડતો હોય, આરોપી સામે કોગ્નીજન્સ લેવામાં આવતો નથી અને બિ.એન.એસ.એસ ની કલમ–૨૨૩ અન્વયે કેસની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૪ મી માહે માર્ચ ૨૦૨૬ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

ગુરૂડેશ્વર.
તા. ૨૪/૦૩/૨૦૨૬

(જે. એમ. દવે)
જયુડી. મેજી.ફર્સ્ટ કલાસ, ગરુડેશ્વર.
કોડ નં.જી.જે.૦૧૬૨૭